# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદ 'વેનિસ' બન્યું | માત્ર ૩૭ મિમી વરસાદે જ મહાનગરપાલિકા દાવાઓ ધોઈ નાખ્યા

# નડિયાદના ગરનાળા- મુખ્ય માર્ગો તળાવમાં ફેરવાયાં

**ચૂંટણીના બહાને** કાંસની સફાઈનું ટેન્ડરિંગ અટક્યું

**પ્રથમ વરસાદમાં** વેપારીઓ-નાગરિકોની હાલત કફોડી બની




(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

નડિયાદ શહેરમાં ચોમાસાના પ્રારંભિક તબક્કામાં જ વહીવટી તંત્રની કહેવાતી પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. પાલિકાની ઘોર શિથિલતા અને આયોજન વગરની નીતિને કારણે માત્ર 37 મિમી વરસાદમાં જ સમગ્ર શહેર જળબંબાકાર થઈ ગયું હતું. લોકસભા ચૂંટણીની આચારસંહિતાનું બહાનું ધરીને વરસાદી કાંસની સફાઈનું ટેન્ડરિંગ સમયસર ન કરવામાં આવતા આજે હજારો નાગરિકોએ ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

નડિયાદમાં માત્ર બે કલાકના વરસાદમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. રાત્રે ૨થી ૪ વાગ્યાની વચ્ચે ખાબકેલા માત્ર ૨૩ મિમી અને કુલ ૩૭ મિમી વરસાદે જ નડિયાદને તળાવમાં ફેરવી દીધું હતું. ટેન્ડર પ્રક્રિયામાં થયેલા વિલંબના કારણે જૂના કોન્ટ્રાક્ટરો દ્વારા અત્યંત ધીમી ગતિએ કામગીરી કરવામાં આવી રહી હતી, જે પ્રથમ વરસાદમાં જ નિષ્ફળ સાબિત થઈ છે. શહેરના તમામ ગરનાળા જેવા કે, માઈ માતાનું ગરનાળુ, વૈશાલી ગરનાળુ, ખોડીયાર માતાનું ગરનાળુ અને શ્રેયસ ગરનાળુ પાણીમાં ગરકાવ થઈ જતા વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાયો હતો.

મુખ્ય બજારો અને માર્ગો નદી બન્યા શહેરના અતિ વ્યસ્ત એવા સંતરામ રોડ, વી.કે.વી. રોડ, મિશન રોડ, પીજ રોડ અને સલુણ બજાર જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી વેપારીઓ અને રાહદારીઓ કલાકો સુધી ફસાયેલા રહ્યા હતા. સંતરામ શાક માર્કેટ અને શૈશવવાળા ઢાળ પાસે પણ સ્થિતિ અત્યંત ગંભીર જોવા મળી હતી. પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી સપ્તાહમાં શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની તમામ કાંસોની સફાઈ હાથ ધરવામાં આવશે.

### ગટરના પાણીએ સમસ્યા વકરી

નડિયાદ શહેરમાં ખામીયુક્ત ડ્રેનેજ લાઈનોના કારણે ગટરના પાણી પણ વરસાદી કાંસમાં ભળી રહ્યા છે. આના કારણે કાંસમાં પાણીનું સ્તર બમણું થઈ જાય છે અને સામાન્ય વરસાદમાં પણ ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળે છે, જે રોગચાળાને આમંત્રણ આપી રહ્યું છે.

### વરસાદી કાંસ પર ગેરકાયદે દબાણોનો ભરડો

વરસાદી કાંસ પર શહેરના અનેક સ્થળોએ વર્ષોથી ગેરકાયદે દબાણો થઈ ગયા છે, જેમાં માટી પુરાઈ જવાથી પાણીનો નિકાલ અવરોધાય છે. પાલિકા તંત્ર દ્વારા આ દબાણો દૂર કરવામાં ન આવતા પાણી ઓસરવામાં લાંબો સમય લાગી રહ્યો છે.

### કલેક્ટર કચેરી બહાર મસમોટો ભુવો



નડિયાદમાં વિકાસની વાતો વચ્ચે કલેક્ટર કચેરીની બહાર જ ડ્રેનેજ લાઈનની કામગીરી દરમિયાન રોડ બેસી જતાં મસમોટો ભુવો પડ્યો છે. વરસાદી પાણીના કારણે માટી ધસી પડતા વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. હવે જાગેલું તંત્ર આગામી સપ્તાહથી કામ શરૂ કરશે! પ્રથમ વરસાદમાં જ ફજેતી થયા બાદ મનપા તંત્ર હવે સફાઈ માટે જાગ્યું છે.

---

### આણંદમાં એકાએક ભારે ગાજવીજ અને વાવાઝોડાની સ્થિતિથી મહત્તમ વિસ્તારો વીજ પુરવઠો ખોરવાયો

# આણંદમાં ભારે પવન સાથે અડધો ઈંચ વરસાદ

**રાત્રે ૧૧ વાગ્યાની** આસપાસ વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાએ મંડાણ કર્યા



(પ્રતિનિધિ) આણંદ તા ૨

આણંદ જિલ્લાના તમામ પંથકમાં વાતાવરણમાં મોડી રાત્રે એકાએક જ પલટો આવ્યો હતો. રાત્રે લગભગ ૧૧ કલાકે તેજ ગતિએ સમગ્ર જીલ્લામાં પવન ફૂંકાવાનું શરૂ થયું હતું, ત્યાર બાદ ગણતરીની મિનિટોમાં જ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. એકાએક ગાજવીજ અને વાવાઝોડાની સ્થિતિને કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

શહેરી અને ગ્રામ્ય પંથકમાં મોટાભાગના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદને કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થયો હતો, જેના લીધે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સતત એકાદ દોઢ કલાક સુધી વીજળીના કડાકા ભડાકા પણ ચાલુ રહ્યા હતા. જોકે જીલ્લામાં ક્યાંય પણ વિજળી પડવાથી કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી. મોડી રાત્રે તેજ પવનના કારણે અનેક વિસ્તારોમાં વીજ લાઈનોમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના પરિણામે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વીજ કંપની દ્વારા પુરવઠો પૂર્વવત કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે ગણતરીના કલાકોમાં જ અપવાદરૂપ વિસ્તારોને બાદ કરતાં વિજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો. આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેતાં અસહ્ય ગરમી વચ્ચે વાતાવરણમાં આવેલા આકસ્મિક પલટાને કારણે લોકોએ રાહત અનુભવી છે.

### કલાકો સુધી વીજ પુરવઠો ઠપ રહ્યો

આણંદ શહેરની મુખ્ય કચેરી ધરાવતી એમજીવીસીએલના અધિકારીઓની ઘોર બેદરકારી અને નબળા વહીવટના કારણે સોમવારની મધ્યરાત્રિએ સામાન્ય વરસાદમાં જ શહેરના મોટાભાગના વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો હતો. આણંદ - વિદ્યાનગર રોડ, સૂર્ય કીર્તન સોસાયટી, ચૈતન્ય વિહાર, એપીસી સર્કલ, નવો રોડ અને ટાઉન હોલથી ભાઈકાકા સ્ટેચ્યુ સુધીના વિસ્તારોમાં કોઈપણ પૂર્વ સૂચના વગર એકાએક વીજ પુરવઠો બંધ કરી દેવાયો હતો. આ અંગે સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ અને ફિલ્ડ કર્મચારીઓએ ફોન રિસીવર સાઈડ પર મૂકી દીધા હતા અને સંપર્ક કરવા છતાં કોઈ પ્રતિસાદ આપ્યો નહોતો. અન્ય શહેરો જેવા કે અમદાવાદ અને વડોદરામાં ભારે વરસાદ છતાં વીજ પુરવઠો કાર્યરત હતો, ત્યારે આણંદમાં સામાન્ય વરસાદમાં જ સર્જાયેલી આ સ્થિતિથી તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઉઠ્યા છે.

---

# આણંદમાં સૌથી વધુ ઉમરેઠમાં ૨૮ મિમી વરસાદ ખાબક્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ, તા. ૨

આણંદ જિલ્લામાં સીઝનનો પ્રથમ નોંધપાત્ર વરસાદ નોંધાતા ખેડૂતો અને નાગરિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ જિલ્લામાં સરેરાશ ૧૩.૧૩ મિમી વરસાદ નોંધાયો છે.

ઉમરેઠ તાલુકામાં સૌથી વધુ ૨૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ બોરસદમાં ૨૨ મી.મી., ખંભાતમાં ૧૨ મી.મી., સોજીત્રામાં ૧૧ મી.મી. અને આંકલાવમાં ૧૧ મી.મી. વરસાદ પડ્યો હતો. આણંદ અને તારાપુર તાલુકામાં ૮-૮ મી.મી., જ્યારે પેટલાદમાં ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં સૌથી વધુ વરસાદ ઉમરેઠ અને બોરસદ વિસ્તારમાં નોંધાતા ઉમરેઠ અને બોરસદ પંથકમાં ખેતીલાયક ભેજમાં વધારો થયો છે. બીજી તરફ પેટલાદ, આણંદ અને તારાપુર વિસ્તારમાં વરસાદનું પ્રમાણ બોરસદ અને ઉમરેઠ કરતાં ઓછું રહ્યું છે. જોકે સમગ્ર જિલ્લામાં વરસાદની શરૂઆત થતા ખેડૂતોએ વાવણી પૂર્વેની તૈયારીઓ તેજ કરી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### વીજકાપથી પ્રજા ત્રાહિમામ પોકારી ઊઠી

ઉમરેઠ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મધ્ય ગુજરાત વીજ કંપનીની આપખુદશાહી સામે પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વર્તમાનમાં જ્યારે ગરમીનો પારો 44 ડિગ્રીએ પહોંચ્યો છે, ત્યારે કોઈપણ પૂર્વ મંજૂરી કે ટેકનિકલ કારણો વગર બપોરે 12 થી 5 અને રાત્રિના સમયે વીજ પુરવઠો ખોરવી દેવામાં આવે છે. નગરના પંચવટી વિસ્તાર, સાંકળી નળી, પીપળી માતા અને વાઘનાથ ચકલા જેવા વિસ્તારોમાં રહીશોને મેસેજ કે જાણકારી આપ્યા વગર જ મનસ્વી રીતે લાઈટો બંધ કરી દેવામાં આવે છે. આ અસહ્ય ગરમીમાં વીજકાપને કારણે નાગરિકોમાં હાર્ટ એટેક જેવી ગંભીર બીમારીઓનો ભય પણ વધી રહ્યો છે.સ્થાનિકોનો આરોપ છે કે કમ્પ્લેન વિભાગ અને અધિકારીઓ ફોન ઉપાડવાનું ટાળી રહ્યા છે અથવા ફોન સાઈડ પર મૂકી દે છે. ખાસ કરીને અધિકારી ભટ્ટના વર્તન સામે પણ લોકોમાં નારાજગી છે.

---

# આણંદ-ખેડા જિ.માં કોંગ્રેસ દ્વારા જનઆંદોલન કરવામાં આવશે

**નીટ પેપર લીક અને** મોંઘવારી સામે ૪થી ૧૨ જૂન તાલુકા મથકોએ ઉગ્ર દેખાવો




(પ્રતિનિધિ) આણંદ તા.2

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠનની મજબૂતી માટે સમીક્ષા બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. આણંદ અને ખેડા જિલ્લાના રાજકારણમાં પણ પડઘા પડ્યા છે, જ્યાં અમિત ચાવડાના નેતૃત્વમાં આગામી દિવસોમાં આક્રમક આંદોલનની રણનીતિ ઘડવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપ સરકાર વિપક્ષને ડરાવવા માટે પોલીસ અને આઈબી તંત્રનો દુરુપયોગ કરી રહી છે. તેમણે જણાવ્યું કે, જે તંત્રને ડ્રગ્સ અને દારૂબંધીના અમલ માટે કામે લગાડવું જોઈએ, તેને કોંગ્રેસના નેતાઓની ગતિવિધિઓ પર નજર રાખવા માટે વાપરવામાં આવી રહ્યું છે. આણંદ અને ખેડા જિલ્લાના પાયાના કાર્યકરોમાં પણ આ ઘટનાને લઈ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આગામી સપ્તાહથી કોંગ્રેસ દ્વારા જનતાના પ્રશ્નોને લઈ મેદાનમાં ઉતરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં પેપર લીક અને ભ્રષ્ટાચાર સામે ૪થી ૧૨ જૂન દરમિયાન આણંદ અને ખેડાના તમામ તાલુકા મથકો પર ઉગ્ર પ્રદર્શન કરવામાં આવશે. પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના અસહ્ય ભાવવધારા સામે તાલુકા સ્તરે લડત ચલાવવામાં આવશે. આ ઉપરાંત જુલાઈ મહિનાથી આણંદ અને ખેડાની દરેક વિધાનસભા બેઠક દીઠ બૂથ લેવલના કાર્યકરો સાથે પ્રદેશ નેતૃત્વ સીધો સંવાદ કરશે. ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરતા કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ કર્યું કે, આ લડત માત્ર ભાજપ સામે નહીં, પણ સત્તાના દુરુપયોગ સામે છે.

---

# નડિયાદ મનપાની વેબસાઈટ પર જૂના જોગીઓનું જ રાજ!

**નવી બોડીની રચનાને** ૧૮ દિવસ વીત્યા છતાં આઈટી વિભાગ ઘોર નિદ્રામાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

નડિયાદ મહાનગરપાલિકામાં રાજકીય પદાધિકારીઓની નવી પાંખની રચના અને વહીવટી અધિકારીઓની બદલીઓ થઈ ચૂકી હોવા છતાં, પાલિકાની સત્તાવાર વેબસાઈટ પર હજુ સુધી કોઈ નવી વિગતો અપડેટ કરવામાં આવી નથી.

નડિયાદ મહાનગરપાલિકાના ઈતિહાસમાં ૨૬મી મેના રોજ પ્રથમ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના સભ્યોની વરણી કરવામાં આવી હતી. આ નવી રાજકીય પાંખ અસ્તિત્વમાં આવી હોવા છતાં વેબસાઈટ પર તેની કોઈ વિગત નથી. વધુમાં, ૧૨મી મેના રોજ વહીવટદાર તરીકે અમિત પ્રકાશ યાદવની જગ્યાએ એન. વી. ઉપાધ્યાયની નિયુક્તિ કરવામાં આવી હતી. નવા વહીવટદારે ચાર્જ સંભાળ્યાને ૧૮ દિવસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં વેબસાઈટ પર હજુ પણ જૂના વહીવટદારનું નામ જ પ્રદર્શિત થઈ રહ્યું છે.

માત્ર ઉચ્ચ હોદ્દાઓ જ નહીં, પણ હિસાબી શાખામાં પણ આવી જ સ્થિતિ છે. હાલમાં એકાઉન્ટન્ટ તરીકે મુકેશ પટણી ફરજ બજાવી રહ્યા છે, પરંતુ વેબસાઈટ પર હજુ પણ પૂનમ ગજ્જરનું નામ છે. વર્તમાન સમયમાં જ્યારે સરકાર ડિજિટલાઈઝેશન અને પારદર્શિતા પર ભાર મૂકી રહી છે, ત્યારે નડિયાદ પાલિકાનું આ વલણ સરકારી નીતિઓથી તદ્દન વિપરીત અને નિષ્ક્રિયતા સૂચવનારું છે.

---

### આણંદના બોરીયાવી ગામમાં નાણાકીય વિવાદમાં મિત્ર જ બન્યો કાળ

# આણંદમાં લાકડાના ફટકા મારી આધેડની નિર્મમ હત્યા કરી

**બંને પગે ફ્રેક્ચર** થયા બાદ અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો



(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ નજીક આવેલા બોરીયાવી ગામમાં નજીવી નાણાકીય બાબતે બે મિત્રો વચ્ચે થયેલી તકરારે લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું છે. બોરીયાવી તળાવ પાસે આવેલા એક ખુલ્લા ખેતરમાં પૈસાની ઉઘરાણી બાબતે થયેલા ઝઘડામાં એક યુવકે તેના જ પરમ મિત્રને લાકડાના ફટકા મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા, સારવાર દરમિયાન આધેડનું મોત નીપજ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આણંદના બોરીયાવીમાં રહેતા ૫૬ વર્ષીય નરેશભાઈ રાવજીભાઈ પટેલ અને તે જ ગામનો ૪૫ વર્ષીય એક યુવક બંને પરમ મિત્રો હતા અને સાથે મજૂરી કામે જતા હતા. નરેશભાઈને આરોપી મિત્ર પાસેથી નાણાકીય રકમ લેવાની નીકળતી હતી. દરમિયાનમાં ગત તારીખ ૩૦મી મે, ૨૦૨૬ના રોજ બોરીયાવી તળાવ પાસે બંને મિત્રો ભેગા થયા હતા, જ્યાં પૈસાની માંગણી કરતા ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડામાં ઉશ્કેરાયેલા ૪૫ વર્ષીય આરોપીએ લાકડાનો ભારે ટુકડો ઉપાડી નરેશભાઈ પર આડેધડ હુમલો કર્યો હતો, જેમાં તેમના બંને પગે ગંભીર ફ્રેક્ચર થયા હતા.

આ હુમલો કર્યા બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ હુમલામાં લોહીલુહાણ હાલતમાં નરેશભાઈને પ્રથમ નડિયાદ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના બહેને આણંદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધી આરોપીની શોધખોળ કરી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

---

# માતૃત્વનું ઋણ અદા કરવા 300થી વધુ નિ:શુલ્ક ઓપરેશન કરાશે

**ખેડાની હલીમા** હોસ્પિટલના 5 વર્ષ અને સ્થાપકના જન્મદિવસે સેવા

(પ્રતિનિધિ) ખેડા તા.૨

ખેડાના મુસ્લિમ અગ્રણી ખમીસાભાઈ સિંધીએ પોતાના જન્મદિવસ અને માતાની યાદમાં સ્થાપેલી હલીમા હોસ્પિટલના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ નિમિત્તે યોજાયેલા વિશેષ મેડિકલ કેમ્પમાં 700થી વધુ મહિલાઓના સ્વાસ્થ્યની ચિંતા કરી, તેમને માતૃત્વ અને અન્ય સ્ત્રી રોગો માટે નિ:શુલ્ક સારવારની ભેટ આપવામાં આવી છે.

ખેડા કેમ્પ રોડ પર આવેલી હલીમા હોસ્પિટલના પાંચ વર્ષ પૂર્ણ થતા અને ખમીસાભાઈનો જન્મદિવસ હોવાથી, કોઈપણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના મહિલા માટે એક ભવ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, ગત રાત્રે પડેલા વરસાદને કારણે કાર્યક્રમનું સ્થળ બદલીને ખેડાની એચ.એન્ડ ડી. પારેખ



હાઈસ્કૂલ ખાતે રાખવામાં આવ્યું હતું. આ કેમ્પમાં માત્ર ખેડા જ નહીં, પરંતુ અમદાવાદ, ધોળકા, ખંભાત અને વડતાલ જેવા વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં મહિલા ઉમટી પડી હતી. આ સેવા યજ્ઞમાં કુલ 700થી વધુ ઓપીડી કેસ નોંધાયા હતા અને 100થી વધુ બહેનોની સોનોગ્રાફી કરવામાં આવી હતી. સૌથી મહત્વની બાબત એ છે કે, આર્થિક રીતે નબળી અને જરૂરિયાતમંદ 300થી વધુ મહિલાને નિ:શુલ્ક સિઝેરિયન અને ગર્ભાશયની કોથળીના ઓપરેશન માટેના 'ગિફ્ટ કાર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્ડ ધારક મહિલાઓને આગામી 90 દિવસમાં હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી તારીખ મુજબ વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે આ સેવા કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર, અમદાવાદના ધારાસભ્ય ઈમરાનભાઈ ખેડાવાળા અને ખમીસાભાઈ સિંધી પરિવારના સભ્યો દ્વારા જરૂરિયાતમંદ મહિલાઓને સહાય કાર્ડ વિતરીત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ખેડા અને અમદાવાદ વિસ્તારમાં લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગ ક્ષેત્રે ખમીસાભાઈ સિંધીનો સિંહફાળો રહ્યો છે, જેનાથી હજારો લોકો પોતાનો જીવન નિર્વાહ કરી રહ્યા છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225